Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-6-2014

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LIII ] MONDAY, 27th AUGUST, 2012/BHADRAPAD 5, 1934 [ No. 60**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૬૭ (જીઆવ-સોનારી-ગભેણી) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**

## અધિસુચન

નં. ટીપીડી/આ/૩૧૮૮/૨૦૧૨.- આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૩ (વડોદ) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭૧ (વડોદ).

દક્ષિણે : મોજે જીઆવ, મોજે : સોનારી, મોજે : ગભેણીનો બાકીનો ભાગ.

પૂર્વે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૯(ઉન), મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૮ (ભેસ્તાન) તથા પ્રારંભિક નગર રચના યોજના નં. ૨૨ (ભેસ્તાન)

પશ્ચિમે : મોજે : બમરોલીનો સીમાડો.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજના સંબંધેના વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૨૪ માહે ઓગષ્ટ સને ૨૦૧૨.

(સહી) અવાચ્ય.
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.